# પડુસણ ગામની ૧૯ વર્ષીય યુવતી છેલ્લા ૨૦ દિવસથી ગુમ : કુટુંબીજનો ભારે પરેશાન

### પોલીસે ૨૦ દિવસ પહેલા માત્ર જાણવા જોગ ફરિયાદ નોંધી : પોલીસ એફ.આઈ.આર. લેતી નથી પરિવારજનોનો આક્ષેપ

તલોદ, તા. ૩

તલોદ તાલુકાના પડુસણ ગામના એક ગરીબ પરિવારની આશરે ૧૯ વર્ષીય યુવતી ગુમ થયાની ઘટનાને ૨૦ દિવસ જેટલો સમયગાળો વિતી ગયો હોવા છતાં તેણીનો કોઈ અતોપતો ન લાગતા તેના માવતરની હાલત વધારે કફોડી બની છે. શિક્ષિત પિતાએ દીકરીની ગુમ થયાની ફરિયાદ તંત્રના તમામ અધિકારી મંત્રીને કરી છે. તેમ છતાં પોલીસે માત્ર જાણવા જોગ ફરીયાદ લઈ લેતા અને કોઈ કાર્યવાહી ન કરતા આખરે આ સમગ્ર મામલે જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પડુસણ ગામની એક ગરીબ વર્ગની ૧૯.૫ વર્ષની વયની યુવતીના પિતાએ હિંમતનગર ખાતે નોકરી ઉપર ફરજ બજાવવા ગયા હતા અને માતા વગેરે ખેતરમાં રાત્રે ઘઉં લેવાની કામગીરીમાં ખેતરે ગયા હતા. જ્યારે યુવાન દીકરીને રસોઈ બનાવવા ઘરે રાખવામાં આવી હતી. જે દિકરી ગત તા. ૧૧-૪-૨૦૧૩ની રાત્રે કોઈપણ સમયે ઘરબાર છોડી અન્યત્ર ચાલી જતાં ગુમ થયાનું મોડી રાત્રે જણાયું હતું. તેણી ઘરમાં રાખેલા રૂ. ૧,૨૦,૦૦૦ રોકડા અને સોના ચાંદીના આશરે રૂ. ૫૦,૦૦૦ની કિંમતના દાગીના સાથે લઈ ગઈ હોવાનું પરિવારજનોને બીજે દિવસે સવારે તપાસ કરતાં જણાયું હતું. જેની જાણ હરસોલ આઉટ પોસ્ટના જમાદારને કરવામાં આવી હતી. બાદ તલોદ પો.સ.ઈન્સ.ને રૂબરૂ મળીને હકિકત જણાવતાં ઘટનાના ૩૦ કલાક બાદ પોલીસે યુવતીના પિતાની જાણવા જોગ ફરિયાદ લઈને તપાસનો દોર જારી રાખ્યો હતો.

આ ઘટનામાં યુવતીના પિતાએ રજૂઆત કરેલ છે કે તેમની દીકરી યુવાન છે જેથી તેણીને બળજબરીપૂર્વક લગ્ન કરવા અપહરણ કરી ઉઠાવી જવામાં આવી છે. આમ થતાં તેઓએ હાલ તો દીકરી ગુમાવી છે. અને લગભગ રૂ. ૧,૭૦,૦૦૦ની માલમતા પણ તેઓએ આરોપીઓ માનસિક ત્રાસ આપતા હોવાનું અને ફરિયાદ કરશો તો પતાવી દઈશુ તેવા પ્રકારની ધમકીઓ આપતા હોવાનું પણ જણાવેલ છે. પોતાની યુવાન દિકરીને કોઈ અજ્ઞાત સ્થળે ગોંધી રાખી તેનું શારીરિક શોષણ કરવામાં આવતું હોવાની આશંકા વ્યક્ત કરીને દિકરીના પિતાએ જણાવેલ છે કે અપહરણ કરી લઈ જનાર છોકરાને ૨૧ વર્ષ થયા ન હોઈ તે કાયદેસર લગ્ન કરી શકે તેમ નથી. જેથી પોતાની દીકરીને શારીરિક શોષણ કરી ક્યાંક નિ:શહાય હાલતમાં છોડી દેવામાં આવશે કે તેની સાથે કોઈ અઘટિત ઘટના ઘટશે. આવો સતત ભય દીકરીના સમગ્ર પરિવારને કોરી ખાતો હોવાનું પણ દીકરીના પિતાએ જણાવેલ છે.

## થલતેજમાં મહિલા કાર ચાલકે રાહદારીને અડફેટે લીધો

અમદાવાદ, તા. ૩

શહેરમાં હિટ એન્ડ રનનાં બનાવોમાં દિવસેને દિવસે ઉત્તરોત્તર વધારો જ થઈ રહ્યો છે. થલતેજ વિસ્તારમાં ગઈ કાલે સવારે એક મહિલા કારચાલકે એક રાહદારીને અડફેટે લીધો હતો.

ઈજાગ્રસ્ત રાહદારીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ કારચાલક મહિલા ઘટના સ્થળેથી કારમુકી નાસી છુટી હતી. ભોગ બનનાર રાહદારીએ આ અંગે કોઈપણ પોલીસ ફરિયાદ નોંધાવી હતી નહીં.

થલતેજ ગામ રોડ પર આવેલી અમે ગુજરાતી હોટલ પાસે ગઈકાલ સવારે ૧૧.૦૦ વાગ્યાના સુમારે એક મહિલા કાર ચાલકે અડફેટે લીધો હતો. જેમાં યુવાનને ઈજાઓ પહોંચતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જાયા બાદ મહિલા પોતાના પતિ સાથે કાર મુકી ફરાર થઈ ગઈ હતી. આ અકસ્માતમાં છેવટે ભોગ બનનારા યુવકે સમાધાન બાદ કોઈ ફરિયાદ નોંધાવી ન હતી.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

છેલ્લા એકાદ સપ્તાહથી ઉનાળો બરોબર જામી રહ્યો હોય તેમ ગરમીનું પ્રમાણ ૪૧-૪૨ ડીગ્રીએ પહોંચતા શહેરીજનો, પશુ-પંખીઓ ત્રાહિમામ પોકારી રહ્યા છે. તેવામાં પાલનપુર શહેરના સતત ધમધમતા વિસ્તારો જેવા કે સીટીલાઈટ સિનેમા રોડ, ગુરૂનાનક ચોક, દિલ્હી દરવાજા, સીમલા ગેટ જેવા વિસ્તારોમાં બપોરના સમયે રસ્તાઓ સૂમસામ બનતા હોય છે. લોકો ઓફિસ, ઘરોમાં પંખા, કૂલર, એ.સી.ના સહારે સમય પસાર કરતા હોય છે. લોકો અનિવાર્ય કામ હોય તો જ બપોરના સમયે બહાર નીકળવાનું ગોઠવતા હોય છે. આવા સમયમાં ઠંડા પીણા, શેરડી રસ, જ્યુસ, છાશ, આઈસ્ક્રીમના વેચાણમાં વધારો થયેલ જોવા મળે છે.

## સાબરકાંઠા એલ.સી.બી.એ બ્રહ્મપુરી ખાતેથી બંધ મકાનમાં રહેલ વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો

હિંમતનગર, તા.૩

ભિલોડાના બ્રહ્મપુરી વિસ્તારમાં રહેતો એક ઈસમ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો ધંધો કરે છે તેવી બાતમીના આધારે શામળાજી પોલીસ અને એલ.સી.બી. ટીમે બાતમીના સ્થળે દરોડો પાડી રૂ. ૩૦ હજારથી વધુનો દારૂ અને બિયરનો જથ્થો પકડી પાડયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી.ના અધિકારીઓ શામળાજી પોલીસમથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન એલ.સી.બી. પોલીસકર્મી રણછોડભાઈ થાવરાજી, કૌશિકભાઈ પોપટલાલ, જીતેન્દ્રકુમાર કાન્તિલાલ વગેરેની ટીમે ભિલોડાના બ્રહ્મપુરી ખાતે રહેતા સોમાભાઈ જીવાભાઈ ગામેતીના ઘરમાં જુદી જુદી કંપનીની ઈંગ્લીશ દારૂની બોટલ નં. ૧૭૫ તથા બીયર ટીન નંગ-૩૦ મળી કુલ કિં. રૂ ૩૦,૫૫૦નો મુદ્દામાલ મળી આવતા પોલીસે આરોપી સોમાભાઈ ગામેતી વિરૂધ્ધ શામળાજી પોલિસ ફરિયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે.

## હિંમતનગર ટોલટેક્ષ નજીકથી રૂ. ૩.૧૭ લાખનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે પકડ્યો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લામાં થઈને છેલ્લા ઘણા વખતથી અઢળક દારૂ ગુજરાતમાં ઘુસાડાઈ રહ્યો છે. છતાં સાબરકાંઠા જિલ્લાનું પોલીસતંત્ર કશું જાણતી ન હોય તેમ આંખ આડા કાન કરી બુટલેગરોને છાવરી રહી હોવાની છાપ પ્રજામાં ઉપસી રહી છે ત્યારે બાતમીને આધારે એલસીબીએ શુક્રવારે હિંમતનગર બાયપાસ રોડ પર આવેલ ટોલટેક્ષ નજીકથી રૂ. ૩.૧૭ લાખનો વિદેશી દારૂ અને બિયર મળી ૨૦૯૨ બોટલ જપ્ત કરી લીધી હતી. ત્યારબાદ આ અંગે ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર નજીક થઈ એક વાહનમાં વિદેશી દારૂ લવાઈ રહ્યો હોવાની બાતમી એલસીબીને મળી હતી. જેથી એલસીબી સ્ટાફે સહકારી જીન વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન અહીંથી પસાર થતાં ડાલા નંબર જીજે-૭-ડબલ્યુ-૪૮૫૯ને ઉભુ રખાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ડાલાનો ચાલકે પોતાનું વાહન ભગાડી મુક્યુ હતુ. જેથી એલસીબીએ તેનો પીછો કરી બાયપાસ રોડ પર આવેલ ટોલટેક્ષ નજીકથી ડાલાને પકડી લીધું હતું. જો કે પોલીસને જોઈને ડાલાનો ચાલક ફરાર થઈ ગયો હતો.

બીજી તરફ પોલીસે ડાલામાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ અને બિયર મળી અંદાજે ૨૦૯૨ બોટલો હાથ લાગી હતી. જેથી પોલીસે તેની ગણતરી કરી રૂ. ૩.૧૭ લાખનો જથ્થો ટાઉન પોલીસ સ્ટેશનમાં લવાયો હતો. ત્યારબાદ એલસીબીએ અજાણ્યા ચાલક વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. જે આધઆરે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ધાનેરામાં ગંભીર અકસ્માત બે ના મોત એક ગંભીર



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૩

બનાસકાંઠાના ધાનેરા નજીક નાળા રોડ પરથી પસાર થતી એક કારની સાથે નિલગાય અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર પલ્ટી ખાતા કારમાં સવાર ત્રણ પૈકીના બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિજ્યા હતા.

બનાસકાંઠાના ધાનેરાથી બાડમેર તરફ જતી કાર નં. આર.જે.૦૪-સી.એ-૨૮૨૫ પસાર થઈ રહી હતી. દરમિયાન માર્ગમાં અચાનક જ ક્યાંકથી નિલગાય આવી જતા ચાલકે કારની બ્રેક કરી સ્પીડ પરથી કંટ્રોલ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી અને દસેક ફુટ દૂર સુધી ઘસડાઈ હતી. આ ઘટનાને પગલે કારમાં સવાર બાબુસિંહ કરણસિંહ રાજપુત ઉં.વ. ૪૫, રહે. બાડમેર અને સુમેરસિંહ રાજપુત ઉં.વ. ૨૮ રહે. બાડમેર વાળાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક શખ્સ ગિરધરસિંહ ચંદનસિંહ રાજપુત ઉં.. ૪૬ને શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ની મદદથી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટનાના પગલે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

## ધનસુરામાં ધમધમતા વરલી મટકા સામે પ્રજાનો આક્રોશ

ધનસુરા, તા. ૩

ધનસુરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઠેક ઠેકાણે વરલી મટકાનો જુગાર ફુલી ફાલી રહ્યો છે. જેમાં યુવાધન બરબાદ થઈ રહ્યું છે. અને પોલીસ આ તમામ જુગારો વિશે જાણતી હોવા છતા પણ પોલીસ આ મામલે આંખ આડા કાન કરી રહી હોવાથી શહેરના વરિષ્ઠ નાગરીકો આ મામલે રોષે ભરાયા છે અને આ મામલાને ડામવા ઉગ્ર માગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી યુવાધન બરબાદ કરવાનો કારસો રચાઈ રહ્યો છે. વરલી મટકાના જુગાર રમવા માટે શહેરમાંથી ગરીબ વર્ગ કે જેને લાલચ આપી આંકડા રમાડી બરબાદ કરવામાં આવી રહ્યા છે. શહેરના યુવાધનને પણ આ જ રીતે લાલચ લગાડી બરબાદ કરવામાં આવી રહ્યો છે. આ મામલે પોલીસ જાણતી હોવા છતાં હપ્તાના કારણે આ અડ્ડો બંધ ન કરાવતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ વરલી મટકાને સત્વરે બંધ નહી કરવામાં આવે તો પ્રજા ઉગ્ર આંદોલન કરી ગાંધી ચિંધ્યા માર્ગે લડત ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.



### પ્રાંતિજ યુથ કોંગ્રેસ કાર્યકરોએ ગુજરાત સ્થાપના દિને શપથ લીધા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેર ખાતે ગતરોજ ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે ગુજરાત યુવક કોંગ્રેસના સભ્યો દ્વારા ગુજરાતના વિકાસમાં પોતાનાથી બનતુ અમૂલ્ય યોગદાન આપવાનો નિર્ધાર કર્યો હતો. પ્રાંતિજ શહેર ખાતે ગત તારીખ ૧લી મે ના રોજ સ્થાપના દિન નિમિત્તે યુથ કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં યુવક કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનસિંહ ડોડીયા અને પ્રભારી ભરતસિંહ વાઘેલા, પ્રાંતિજ વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખ મહાવીરસિંહ રાઠોડ, જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી કુપલ રાવલ, તાલુકા પંચાયત સદસ્ય ચેતનસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાતના વિકાસના નિર્ધાર સાથે કોંગ્રેસે શપથ લીધા હતા.

## લોહીના ઘટકોનું વેચાણ ન કરવા હાઈકોર્ટનો બ્લડબેંકોને નિર્દેશ

અમદાવાદ, તા. ૩

લોહીના વેપારીકરણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની રિટમાં કોર્ટે બ્લડ બેન્કોને લોહીના ઘટકોનું જુદા તારવી વેચાણ ન કરવાનો નિર્દેશ કર્યોછે. અગાઉ વિવિધ બ્લડ બેન્કો લોહીના પ્લાઝમાં જેવા ઘટકોનુંવેચાણ કરી મોટા પ્રમાણમાં નફો રળતી હતી. ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય તથા પી.બી. પારડીવાલાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે સામાજીક સંસ્થાઓ અને એનજીઓને બ્લડ ડોનેશન કેમ્પ યોજવાની સુચના આપવી જોઈએ. સાથેસાથે એનજીઓને રાજ્ય સરકારની ગ્રાન્ટ મેળવવા બ્લડ ડોનેશન કેમ્પ આવશ્યકપણે યોજવાનું પણ જણાવવું જોઈએ.

બ્લડ ડોનેશન કેમ્પ અંગે જનતાને જાગૃત કરવા માટે પ્રસાર માધ્યમોમાં જાહેરાત આપવાનું સુચન પણ રાજ્ય સરકારને કરવામાં આવ્યુંહતું. જાહેરાત માટે રેડિયો, ટીવી, ન્યુઝ પેપર્સ અને વિવિધ નામચીન વેબસાઈટ્સનો પણ ઉપયોગ કરવાનું રાજ્ય સરકારને માર્ગદર્શન આપાવમાં આવ્યું હતું.

ઉનાળાના સમય દરમિયાન બ્લડ બેંકોમાં લોહીની અછત વર્તાતી હોઈ ખાસ બ્લડ ડોનેશન યોજવા કોર્ટે જણાવ્યુંબ્લડ ડોનેશન કેમ્પ અંગે વિવિધ તાલુક, ગામો અને શહેરોમાં બેનર્સ તથા હોર્ડિંગ લગાડવા માટેની ટકોર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને બ્લડ ડોનેશન માટે પ્રેરવા રાજ્ય સરકારે વિદ્યાર્થીઓને મફત સ્ટડી મટીરયલની વ્યવસ્થા કરવાનું પણ કોર્ટે નોંધયું હતું. બ્લડ ડોનેશનમાં સહભાગી થતા લોકોને વિશેષ સવલતો આપવાની પહેલ પણ કોર્ટ દ્વારા કરવામાં આવી હતી.

# પ્રાંતિજ હાઈવે પર બસની ટક્કરે મહિલાનું કરૂણ મોત

પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ શહેર પાસેથી પસાર થતા નેશનલ હાઈવે નંબર આઠ ઉપર આવેલ ચંચળબા નગર પાસેથી પસાર થતી રાજસ્થાન પરિવહનની બસ અમદાવાદ તરફ જતી હતી તે બસે એક મહિલાને ટકકર મારતા મહિલાનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું. પોલીસ દ્વારા અકસ્માતે ગુનો નોંધી કાયદસરની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ નેશનલ હાઈવે નંબર આઠ પાસે ચંચળબા નગર ચોકડી પાસે સોસાયટીની જ બજાનીયા મહિલા અને તેનો બંગડીનો ધંધો કરતી મહિલા ઉ.વ.૪૫ કે જેઓ રાત્રીના આઠ વાગ્યે પોતાના ઘર તરફ જવા માટે રોડ સાઈડમાં ચાલીને જતા હતા તે દરમિયાન રાજસ્થાનથી રાજસાંમદ ડેપોની બસ જે અમદાવાદ તરફ જતી હતી તે બસ નંબર આર.જે. ૩૦ પી.એ. ૧૮૧૫ અચાનક આવીને રોડની સાઈડમાં ચાલતી મહિલાને એકદમ ટકકર મારતા મહિલા રોડની સાઈડમાં જ ઢળી પડી હતી અને માથાના ભાગે ગંભીર ઈજા થતા લોહી લુહાણ થતા ૧૦૮ને બોલાવવામાં આવી હતી પરંતુ ૧૦૮ આવે તે પહેલા મહિલાનું મોત ઘટના સ્થળ ઉપર જ મોત થયું હતું અને આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ડ્રાઈવર કડંકટર બસ અને પેસેન્જર સાથે પોલીસ સ્ટેશન ઉપર હાજર થઈ ગયા હતા. જયારે પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળ ઉપર જઈને અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુર નગરપાલિકામાં નવા પ્રમુખની વરણી માટે અગત્યની બેઠક મળી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૩

પાલનપુર નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. તેના પ્રમુખની પ્રથમ અઢી વર્ષની મુદત આગામી ૯મી મે ૨૦૧૩ના રોજ પૂર્ણ થતી હોવાથી નવા નગરપાલિકાના પ્રમુખની વરણી માટે ચૂંટાયેલા સભ્યો તેમજ પ્રદેશમાંથી આવેલી નેતાગીરીની મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર નવા પ્રમુખ માટે નવ જેટલા ઉમેદવારો મેદાને છે. અત્રે ઉલ્લેખનીય છે કે પસંદગીનો કળશ કોના ઉપર ઉતરે છે તે તો સમય જ બતાવશે પરંતુ આ મિટિંગમાં પ્રદેશમાંથી આવેલા નૌકાબેન પ્રજાપતિ, જિલ્લાના ગુમાનસિંહ ચૌહાણ, હિતેષભાઈ ચૌધરીએ નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોના મંતવ્યો લીધા હતા અને પ્રદેશ પાર્લામેન્ટરીમાં મંતવ્યો મોકલી આપ્યા હોવાની વિગત પ્રાપ્ત થાય છે. આ બેઠકમાં શહેર ભાજપના પ્રમુખ અનિકેત ઠાકર, મહામંત્રી તેમજ વિવિધ આગેવાનોએ હાજરી આપી હતી.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧